सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ થયા તારીખ: | ૦૮–૦૧–૨૦૨૫ |
| રજી.લીધા તારીખ : | ૦૮–૦૧–૨૦૨૫ |
| ફેસલ થયા તારીખ: | ૦૭– ૦૫–૨૦૨૬ |

**ભિલોડાના મે. એડી. જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ.ભિલોડા,**

-------------------------------------------- -------

***<u>ક્રિ.કેસ નંબર–૮૬/૨૦૨૫</u>***
***<u>આંક : – ૩૧</u>***

*ફરીયાદી:–* *શ્રીસરકાર*
*(શામળાજી પો.સ્ટે. પાર્ટ–સી.ગુ.રજી.નં.૪૫૬/૨૪)*

*–:: વિરુધ્ધ ::–*

*આરોપી:–* *(૧) રવિન્દ્રસિંહ સ/ઓ ગટુસિંહ ચૌહાણ, ઉ.વ.૨૫*
*(૨) કલ્યાણ સિંહ સ/ઓ મહોબતસિંહ ચૌહાણ, ઉ.વ.૨૮*
*(૩) જગદીશ સ/ઓ વાલજી યાદવ, ઉ.વ.૨૫*
*તમામ રહે.સેકટર–૧૫ ,ફતેપુરા,અંબીકાધામ સોસાયટી, એ–૯, ગાંધીનગર*
*મૂળ રહે. નયાપુર,કતીસૌર,તા.આસપુર,જી.ડુંગરપુર,રાજસ્થાન*

*ગુન્હો :–* *ધી ગુજરાત પ્રોહી.એકટ કલમ– ૬૫(એ)(ઈ),૮૧,૮૩ મુજબ.*

---------------------------------------------

*ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી બી.આઈ.મનસુરી,*
*આરોપીપક્ષ તરફે વિ.વકીલશ્રી આઈ.એ.રાઠોડ*

---------------------------------------------

*//જજમેન્ટ//*

(૧) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકિકત એવી છે કે,ગઈ તા.૦૭/૦૯/૨૦૨૪ના ક.૦૯/૩૦ વાગે મોજે અણસોલ ચેકપોસ્ટ રાજસ્થાનથી ગુજરાત મા આવતા નેશનલ હાઈવે રોડ ઉપર આ કામના મારૂતી કંપનીની ઈકો ગાડી નંબર જીજે.૦૧. ડબલ્યુ આર.૮૭૪૬ ના ચાલક આ. નં. ૧ રવિન્દ્ર સ/ઓ ગટુસિંહ ચૌહાણ તથા તેની સાથેના આ. નં. ૨ કલ્યાણસિંહ સ/ઓ મહોબતસિંહ ચૌહાણ તથા આ.નં. ૩ જગદીશભાઈ સ/ઓ વાલજી યાદવ નાઓએ વગર પાસ પરમીટે પ્રોહી પ્રતિબંધક એરીયામા પરીવાહન સારૂ કાવતરુ રચી ગુજરાત રાજયમા પોતાના કબજાની ઈકો ગાડી નંબર જીજે.૦૧.ડબલ્યુ આર.૮૭૪૬ મા વચ્ચેની સીટના નીચેના ભાગે તથા પાછળની સીટના નીચે આગળના ભાગે તથા પાછળની સીટ ઉપર ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂ ની પેટી નંગ-૧૮ જેની કુલ બોટલ/ટીન નંગ ૪૩૨ કિ.રૂ. ૧,૧૦,૪૦૦/- તથા સફેદ કલરની ઈકો ગાડી જીજે.૦૧.ડબલ્યુઆર.૮૭૪૬ ની કિ.રૂ. ૪,૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ-૩ કિ.રૂ. ૬,૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૫,૧૬,૪૦૦/- નો લઈ આવી કોલમ નં. ૧ મા જણાવેલ આ. નં . ૧,૨,૩ મળી આવી તથા કોલમ નં. ૨ મા જણાવેલ દારૂ ભરી આપનાર આ.નં. ૪ નાઓ નહી મળી આવી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી પ્રોહી એકટ કલમ ૬૫ એ ઈ,૮૧,૮૩ મુજબ નો ગુનો આચરેલ. મજકુર બનાવ ની ફરીયાદ ફરીયાદી ધ્વારા આપતાં તેની તપાસ ના અંતે હાલના આરોપી વિરુધ્ધ હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવતા તેમને ક્રિ. પ્રો.કો.ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આંક-૦૬થી તહોમતનામું ફરમાવી આંક-૦૭ થી ૦૯ સુધી નિવેદન લેતાં આરોપીઓએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરવા જણાવતાં ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો નોધ્યો.

(૩) આ કામમાં ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

રજુ કરવામાં આવેલ છે.

***મૌખિક તથા દસ્તાવેજી પુરાવો:–***

આંક.૧૨ થી પંચસાહેદ રણજીતભાઈ મણીલાલ નિનામાની જુબાની

આંક.૧૩ થીમુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું.

આંક.૧૯ થી ફરીયાદી અ.પો.કો.ભાવીનસિંહ ઈન્દ્રસિંહની જુબાની

આંક.૧૬ થી ફરીયાદ

આંક.૨૧ થી પંચસાહેદ દીલીપભાઈ અમૃતભાઈ ડોડીયારની જુબાની

આંક–૨૬ થી ત.ક.અ. સેજલબેન ડાહયાભાઈ પટેલ જુબાની

આંક–૨૭ થી સુચીપત્ર

આંક–૨૮ થી રવાનગી પત્રક

ત્યારબાદ ફરીયાદપક્ષે મૌખીક રીતે પોતાનો પુરાવો થયાની હકીકત જાહેર કરતા, આરોપીઓનું ક્રિ.પ્રો.કોની કલમ ૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેતા તેમાં આરોપીઓએ તમામ હકીકતો ઈન્કાર કરી બચાવમાં કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષ તેમની વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવતા હોઈ તેમનું નિવેદન તેમના લખાવ્યા મુજબનું નોંધવામાં આવેલ છે.

(૪). ઉપરોકત હકીકતો તેમજ પડેલ પુરાવા નજરે રાખી આ કામના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**// મુદ્દા //**

(૧). શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૦૭/૦૯/૨૦૨૪ના ક.૦૯/૩૦ વાગે મોજે અણસોલ ચેકપોસ્ટ રાજસ્થાનથી ગુજરાત મા આવતા નેશનલ હાઈવે રોડ ઉપર આ કામના મરૂતી કંપનીની ઈકો ગાડી નંબર જીજે.૦૧.ડબલ્યુઆર.૮૭૪૬ ના ચાલક આ.નં.૧ રવિન્દ્ર સ/ઓ ગટુસિંહ ચૌહાણ તથા તેની સાથેના આ. નં. ૨ કલ્યાણ સિંહ સ/ઓ મહોબતસિંહ ચૌહાણતથા આ.નં. ૩ જગદીશભાઈ સ/ઓ વાલજી યાદવ નાઓએ વગર પાસ પરમીટે પ્રોહી પ્રતિબંધક એરીયામા પરીવાહન સારૂ કાવતરુ રચી ગુજરાત રાજયમા પોતાના કબજાની ઈકો ગાડી નંબર જીજે.૦૧ .ડબલ્યુઆર.૮૭૪૬ મા વચ્ચેની સીટના નીચેના ભાગે તથા પાછળ

ની સીટના નીચે આગળના ભાગે તથા પાછળની સીટ ઉપર ભારતીય બનાવટ ની અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂ ની પેટી નંગ–૧૮ જેની કુલ બોટલ/ટીન નંગ ૪૩૨ કિ.રૂ. ૧,૧૦,૪૦૦/– તથા સફેદ કલરની ઈકો ગાડી જીજે.૦૧.ડબલ્યુઆર.૮૭૪૬ ની કિ.રૂ. ૪,૦૦,૦૦૦/– તથા મોબાઈલ નંગ–૩ કિ.રૂ. ૬,૦૦૦/– મળી કુલ કિ.રૂ. ૫,૧૬,૪૦૦/– નો લઈ આવી કોલમ નં. ૧ મા જણાવેલ આ. નં. ૧,૨,૩ મળી આવી તથા કોલમ નં. ૨ મા જણાવેલ દારૂ ભરી આપનાર આ.નં. ૪ નાઓ નહી મળી આવી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી પ્રોહી એક્ટ કલમ ૬૫ એ ઈ,૮૧ , ૮૩ મુજબ શીક્ષા ને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨). શું હુકમ ?

(૫). ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

**// નિર્ણયો //**

(૧). મુદ્દા નંબર–૧: નકારમાં,

(૨). મુદ્દા નંબર –૨: આખરી હુકમ મુજબ.

**// નિર્ણય અંગેના કારણો //**

(૬) આ કામે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત અને કેસની હકિકત સાબીત કરવા માટે આંક–૧૩ થી પંચસાહેદ રણજીતભાઈ મણીલાલ નિનામા તથા આંક.૨૧ થી પંચસાહેદ દીલીપભાઈ અમૃતભાઈ ડોડીયાર નાઓને તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદો એ તેમની જુબાની દરમિયાન **આંક–૧૩** નાં મુદ્દામાલ રીકવર પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવ્યા સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. આ પંચ સાહેદો ની આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ પંચસાહદો એ જણાવેલ છે કે,પોલીસે તેમની એક તૈયાર લખેલા કાગળ માં સહી કરાવેલી તે સિવાય તેઓ બીજુ કઈ જાણતા નથી તેમજ પોલીસે તેમની હાજરીમાં કોઈની પાસે થી દારુ કબજે કરેલ નથી.

(૭) આ કામે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોતાં, આ કામે પંચ સાહેદોના પુરાવા પરથી એ હકીકત ફલીત થાય છે કે,**આંક–૧૩** નું પંચનામું પંચોની રુબરુ અને હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર પંચો રુબરુ આ કામેનો મુદામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ

નથી. આમ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ બનાવના દિવસે આરોપી પાસેથી પોલીસે પંચો રુબરુ મુદામાલ કબજે લીધેલાનું પુરવાર થતુ નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૮) ***નામ.બોમ્બે હાઈકોર્ટે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧)*** *ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,'' જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહિ.''* આમ,સદર કામે **આંક–૧૩** નું પંચનામું રજુ કરવામાં આવેલ છે પરંતુ તેની હકીકતો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી.

(૯) વધુમાં,ફરીયાદ પક્ષે આંક–૧૯થી ફરીયાદી અ.પો.કો.ભાવીનસિંસિંહ ઈન્દ્રસિંહ તથા આંક–૨૬ થી ત.ક.અ.સેજલબેન ડાહયાભાઈ પટેલ, પી.આઈ. નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદપૂર્વકની જુબાની દરમ્યાન આ કામેની **આંક–૨૦**ની ફરીયાદ તથા**આંક–૧૩**નાં મુદ્દામાલ રીકવર તથા અટક પંચનામાની હકીકતો ને બયાન કરી આ કામેનો મુદામાલ પંચો રુબરુ કબજે લેવામાં આવેલ છે તેમ જણાવેલ છે પરંતુ, ઉપર ચર્ચા કર્યા મુજબ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. જેથી પોલીસ સાહેદોનો પુરાવો શંકાસ્પદ બની રહે છે.

(૧૦) આ કામેના પોલીસ સાહેદોના પુરાવામાં બનાવવાળી જગ્યા જાહેર રસ્તો છે. ઘણા બધા વાહનો તથા માણસોની અવર જવર હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોવાછતાં સદર કામે તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી અને તેમનો પુરાવો ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ નથી. જેથી માત્ર પોલીસ સાહેદો ના પુરાવાનો આધાર રાખી સ્વતંત્ર સાહેદોના સમર્થનકાર પુરાવાની ગેરહાજરીમાં **આંક–૧૩** થી રજૂ થયેલ પંચનામાની હકીકતો પુરવાર થઈ ગયેલ હોવાનું માની શકાય નહી.

(૧૧) *વધુમાં,* ***નામ. ગુજરાત હાઈકોર્ટના ધીરજલાલ ગાંડાભાઈ અને બીજા***

*<u>વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧(૧) જી.એલ.આર. ૪૩૩</u> ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે,* ***"Before a presumption can be raised thereunder, it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brands of spirits and also the name of its manufacture. It is clear on the record of the case that at least the condition regarding the manufacturer of the bottles in question has not fulfilled in the present case. It is, therefore, not possible to raise the presumption under the said section 116B. There is no other evidence in the case which connects the accused with the offence in question."***

(૧૨) નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે, સદર કામે કહેવાતા આક્ષેપીત જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લીસ દારૂ / બીયર ની બોટલો પકડાયેલ છે તેના પર લાગેલ સીલ તથા તેના પર લાગેલા લેબલ સાચા છે કે કેમ ? તે સંદર્ભે તેઓએ તપાસ કરેલ અને તેના પર તેના ઉત્પાદન કરનારનું નામ લખેલ છે તે સાચુ છે કે કેમ ? તે સંદર્ભે યોગ્ય તપાસ કરવી જોઈએ. પરંતુ સદર કામે તેવી કોઈ જ તપાસ કરેલ હોય કે તે સંદર્ભે માહીતી તથા કહેવાતી આક્ષેપીત બ્રાન્ડના ઉત્પાદકો ના નિવેદનો લીધેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. સમગ્રપણે આ કામેની તપાસ જ અસ્પષ્ટ અને અધુરી તજવીજની જણાઈ આવે છે. આમ, સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાના સમર્થન વિહોણી પોલીસ સાહેદોની જુબાની માન્ય રાખી આરોપી વિરુધ્ધ કેસ પુરવાર થયેલો ગણી શકાય નહીં. આ કામેના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવાઓ લક્ષમાં લેતાં આ કામેના આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ, નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૩) આમ, સદર કેસમાં ફરીયાદ પક્ષ નિ:શંકપણે આરોપી વિરુધ્ધનું તહોમત

પુરવાર  નિષ્ફળ નિવડેલ  હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

***–:: હુકમ ::–***

(૧) આ કામના આરોપી નં.(૧) રવિન્દ્રસિંહ સ/ઓ ગટુસિંહ ચૌહાણ, ઉં.વ.૨૫,(૨) કલ્યાણસિંહ સ/ઓ મહોબતસિંહ ચૌહાણ, ઉં.વ.૨૮,(૩) જગદીશ સ/ઓ વાલજી યાદવ, ઉં.વ.૨૫,તમામ રહે.સેકટર–૧૫ ,ફતેપુરા,અંબીકાધામ સોસાયટી,એ–૯,ગાંધીનગર ,મૂળ રહે. નયાપુર,કતીસૌર,તા.આસપુર,જી.ડુંગરપુર, રાજસ્થાન નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૪૮ (૧) મુજબ ધી. ગુજરાત પ્રોહી. એકટ કલમ– ૬૫(એ)(ઈ),૮૧ ,૮૩ મુજબ ના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વીત્યાબાદ  નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના અગાઉના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૭/૦૫/૨૦૨૬
મુકામ: ભીલોડા

**(તુષારકુમાર વીરાભાઈ પરમાર)**
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
**UID CODE GJ01084**

//ANIL TIRWALA//